ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 07th February, 2018

પ્રતિ,
તંત્રી શ્રી,
..................................................................., ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

## વેળાવદર નેશનલ પાર્ક અને આસપાસના જલપ્લાવિત વિસ્તારોની મુલાકાત દ્વારા વિશ્વ જળ પ્લાવિત દિવસની ઉજવણી કરાઈ.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૬ વર્ષથી વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. જેમાં વિવિધ વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી કરવામાં આવે છે.

૨ ફેબ્રુઆરીને સમગ્ર વિશ્વમાં **"વિશ્વ જળપ્લાવિત દિવસ"** તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષની 'Wetlands for a Sustainable Urban Future' થીમના આધારે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને રાજહંસ નેચર ક્લબ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા ભાવનગર શહેરની વિવિધ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓ તથા પ્રાણીશાસ્ત્ર શાખમાં અભ્યાસ કરતા કોલેજના વિદ્યાર્થીઓ માટે **વેળાવદર નેશનલ પાર્ક** અને **ભાવનગર આસપાસ આવેલ વિવિધ જળપ્લાવિત વિસ્તારોની** મુલાકાતનું આયોજન કરી **"વિશ્વ જળપ્લાવિત દિવસ"** ની ઉજવણી કરાઈ હતી.

આ કાર્યક્રમમાં વેળાવદર ખાતે વનવિભાગના ACF શ્રી ત્રિવેદી સર અને RFO શ્રી હરપાલસિંહ દ્વારા વિધાર્થીઓને યાયાવર પક્ષીઓની માહિતી સાથે ઘટતા જતા જલપ્લાવિત વિસ્તારોની ચિંતા અને તેના સંરક્ષણ માટે આપણી તૈયારી વિષે જણાવ્યું હતું. આ ઉપરાંત ભાવનગર આસપાસ આવેલ વિવિધ જળપ્લાવિત વિસ્તારો જેવા કે બોરતળાવ, કુંભારવાડા, ગોરડ સ્મશાન, એરપોર્ટ, રવેચમાનું મંદિર અને રુવા તળાવ જ્યાં યાયાવર પક્ષીઓ આપણા મેહમાન બનેલ છે તેમની ઓળખ, લાક્ષણિકતાઓ, વિશેષતાઓ વિષે માહિતી આપવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યક્રમમાં શહેરની વિવિધ શાળાઓ તથા કોલેજના કુલ ૨૦૫ વિદ્યાર્થી અને શિક્ષકોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્ય તથા શિક્ષકગણનો સંપૂર્ણ સાથ સહકાર મળેલ. જે વિગતો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

7-2-18
(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.